D.El.Ed કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ,ગાંધીનગર

પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭

બેઠક ફાળવણી અંગેની સૂચના

- દરેક કોલેજની ઉપલબ્ધ બેઠકો પૈકી ૩૦% બેઠકો વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોને ફાળવવામાં આવશે.
- દરેક કોલેજની ઉપલબ્ધ બેઠકો પૈકી 70% બેઠકો સામાન્ય પ્રવાહના ઉમેદવારોને ફાળવવામાં આવશે.
- દરેક કોલેજની ઉપલબ્ધ બેઠકોના 70% સામાન્ય પ્રવાહની બેઠકો પૈકી 3% બેઠકો ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારોને ફાળવવામાં આવશે.
- દરેક કોલેજની ઉપલબ્ધ બેઠકો પૈકી ૫ % બેઠકો દિવ્યાંગ ઉમેદવારોને ફાળવવામાં આવશે અને આ દિવ્યાંગ ઉમેદવારોને તેમની સામાજિક કેટેગરી મુજબ જે તે કેટેગરીમાં સમાવવામાં આવશે અને કેટેગરીની અનામત બેઠકોમાં ગણતરી કરવામાં આવશે.
- સામાન્ય પ્રવાહની 70% બેઠકો પૈકીની 3% બેઠકો ઉત્તર બુનિયાદી/વ્યવસાયલક્ષી પ્રવાહને ફાળવવામાં આવી છે તે બેઠકોને રાજ્યની કુલ બેઠકો ગણી તે સંખ્યા મુજબ અનામતના ધોરણો જાળવીને બેઠકો ફાળવવામાં આવશે.

- સ્વનિર્ભર કોલેજની ઉપલબ્ધ બેઠકો પૈકી ૧૫ ટકા બેઠકો મેનેજમેન્ટ ક્વોટાને ફાળવેલ હોઈ અત્રેથી સુચના મળ્યા બાદ જે તે સંસ્થા દ્વારા તે બેઠકો જાહેરાત આપીને ભરવામાં આવશે.
- ઉમેદવારે કરેલ અભ્યાસનો પ્રવાહ, ધોરણ 10 અને ધોરણ 12 અભ્યાસનું માધ્યમ અને કુમાર /કન્યા /મિશ્ર મુજબ ઉપલબ્ધ બેઠકો મેરીટના ધોરણે ફાળવવામાં આવશે.
- દિવ્યાંગ ઉમેદવારો માટે સંસ્થાદીઠ 5% મુજબ રાજ્યની ઉપલબ્ધ કુલ બેઠકો પૈકી પ્રથમ જે તે દિવ્યાંગ કેટેગરી મુજબ બેઠકો વહેચવામાં આવશે ત્યારબાદ કોઈ કેટેગરીમાં બેઠકો ખાલી રહે તો આ બેઠકો પર અન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવારોને મેરીટના ધોરણે સમાવાય તે રીતે કુલ દિવ્યાંગ બેઠકો પર મેરીટ મુજબ પ્રવેશ ફાળવણી કરવામાં આવશે.
- મિશ્ર પ્રકારની કોલેજની બેઠકો પૈકી 50% બેઠકો કુમાર અને 50% બેઠકો કન્યા માટે તે મુજબ ફાળવવામાં આવશે.

તા.૨૪/૦૯/૨૦૨૫